Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

•

માનવ જીવન એ મુક્તિનો માર્ગ છે.
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્
ચારિત્રની આરાધના કરવાથી મુક્તિ મળે છે.

*


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૮<br>અંક : ૩ | પોષ<br>જાન્યુઆરી<br>૧૯૯૧ | આત્મ સંવત ૯૫<br>વીર સંવત ૨૫૧૭<br>વિક્રમ સંવત ૨૦૪૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સ્વાધ્યાયનું પ્રથમ સોપાન | પ્રવચનકાર : પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા<br>અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઇ | ૩૩ |
| (૨) | ગિરિરાજ યાત્રા સપ્તપદી સોપાન પાંચમું | લે. પ પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ | ૩૬ |
| (૩) | સમ્યગ્દર્શન | સંકલન હીરાલાલ બી શાહ | ૪૧ |
| (૪) | આત્મ-નિંદાદ્વાત્રિંશિકાનો અનુવાદ | રચયિતા : પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ૦ સાહેબ | ૪૪ |



## -: યાત્રા પ્રવાસ :-

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૭ના પોષ વદિ ૯ને રવિવારના રોજ શ્રી ઘોઘા તીર્થ ઉપરનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો ખૂબજ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા ખૂબજ આનંદ અને ભક્તિ પૂર્વક શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. સવાર—સાંજ આવેલ સભ્યોની સ્વામી ભકિત કરવામાં આવી હતી.



## : સાચા દેવ :

વીતરાગ પરમાત્મા ખરેખર સાચા દેવ છે. સર્વગુણ સંપન્ન છે, સર્વદોષ રહિત છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, ચોત્રીસ અતિશયવંત છે. અષ્ટમહા પ્રાતિહાર્ય યુક્ત સમવસરણમાં સ્ફટિક મણિના સિંહાસનપર બિરાજીને માલકોશ રાગમાં ધર્મદેશના આપનારા છે ત્રિભુવન તારક છે. ત્રિભુવનપતિ છે. મોક્ષમાર્ગના પ્રકાશક છે. સમકિત રત્નના દાતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.

## સ્વાધ્યાયનું પ્રથમ સોપાન

: પ્રવચનકાર :
પ. પૂ. આ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ સા.

: અનુવાદક :
ડૉ. કુમારપાળ દેસાઇ

(અંક : ૨ : પાના નંબર ૨૯ થી ચાલુ)

શાસ્ત્રીય જ્ઞાનના અધ્યયનને માટે જ્ઞાનના આઠ આચાર દર્શાવવામાં આવ્યા છે. એને અનુકૂળ આચરણ હોવું જોઇએ. એનાથી વિપરીત આચરણ હોય તો એ જ્ઞાનનો અતિચાર થઇ જશે. એક ગાથામાં આ આઠ આચારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

"काले विणए बहुमाणे उवहाणे तह
अनिण्हवणे ।
वंजण अत्थ-तदुभए अट्ठविहो नाण-
आचारो ॥"

"કાલાચાર, વિનયાચાર, બહુમાનાચાર, ઉપધાનાચાર, અનિહ્નવ, વ્યંજનાચાર, અર્થાચાર, તદુભયાચાર-એ આઠ જ્ઞાનપ્રાપ્તિના આચાર છે."

જ્ઞાનપ્રાપ્તિ અથવા તો સંપાદિત જ્ઞાનની સુરક્ષા માટે દર્શાવવામાં આવેલા આઠ આચારોનું ક્રમશઃ વિવેચન કરીએ.

### ૧. કાલ-આચાર

પ્રત્યેક કાર્ય એના સમયે જ યોગ્ય લાગે છે. કવેળાએ ખાવું કે અયોગ્ય જગ્યાએ ગાવું જેમ યોગ્ય નથી તે જ રીતે અયોગ્ય સમયે શાસ્ત્રીય અધ્યયન કે શાસ્ત્રાર્થ કરવો યોગ્ય નથી. શાસ્ત્રમાં કાલિક અને વૈકાલિક આદિ ભેદથી કયું શાસ્ત્ર કયા સમયે વાંચવું જોઇએ એનો કાળ નક્કી કરવામાં આવ્યો છે. કેટલાંક શાસ્ત્ર એવા છે કે જેને પ્રાતઃકાળે સૂર્યોદયથી બે ઘડી સુધી, બપોરની બે ઘડી સુધી તથા સંધ્યાકાળની બે ઘડી સુધી ભણવામાં આવતા નથી. એ શાસ્ત્રોના અભ્યાસને માટે આ સમય તે અકાળ છે. 'દશવૈકાલિક' જેવાં કેટલાંક આગમ એવા છે કે જેમના અધ્યયન માટે કોઇ નિશ્ચિત કાળની આવશ્યકતા હોતી નથી. એનો વિકાળમાં પણ અભ્યાસ થઇ શકે. આથી જે શાસ્ત્રના સ્વાધ્યાય માટે જે કાળ દર્શાવવામાં આવ્યો હોય તે કાળે તેનો અભ્યાસ કરવો તે કાલાચાર કહેવાય છે.

આ ઉપરાંત વ્યવહારસૂત્રમાં કેટલા વર્ષના દીક્ષિત સાધુ કયા શાસ્ત્રને ભણવાના અધિકારી છે એમ પણ સામાન્ય રીતે દર્શાવવામાં આવે છે. "બે વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર સાધુ 'આચારાંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂત્ર'ના અધ્યયનનો અધિકારી છે. નવદીક્ષિત સાધુ 'દશવૈકાલિક' અને 'ઉત્તરાધ્યયન સૂત્ર'નો અધિકારી છે. આઠ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર ચાર છેદ સૂત્રોનો, દશ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર ભગવતી સૂત્રનો તેમજ વીસ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર સાધુ સર્વ શાસ્ત્રના અધ્યયનનો અધિકારી છે" આથી શાસ્ત્રના અધ્યયનના અધિકારમાં કાળના કાલાચારને ધ્યાનમાં રાખવો જરૂરી છે.

## ૨. વિનય–આચાર

શાસ્ત્રો પ્રત્યે અત્યંત શ્રદ્ધા રાખવી તેમજ વિનય સાથે એનો અભ્યાસ કરવો. વળી શાસ્ત્રનું અધ્યયન કરાવનાર પ્રત્યે પણ પૂર્ણ વિનય દાખવીને ભણવું તે વિનયાચાર છે.

## ૩. બહુમાન–આચાર

શાસ્ત્રોનો બહુમાન અને આદરભાવ સાથે અભ્યાસ કરવો તથા શાસ્ત્રજ્ઞ પ્રત્યે પણ બહુમાન રાખીને અધ્યયન કરવું એ બહુમાન–આચાર છે.

## ૪. ઉપધાન–આચાર

શાસ્ત્રના અભ્યાસ માટે જરૂરી એવું તપ કરવું અને એ તપની સાથે શાસ્ત્ર અધ્યયન કરવું તે ઉપધાન–આચાર છે. આનો અર્થ જ એ કે શાસ્ત્રના અભ્યાસના આરંભથી અંત સુધી (નિયત) તપ કરતાં રહેવું જોઈએ.

એક સાધુએ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ચતુર્થ અધ્યયનની વાચના શરૂ કરી. સાથોસાથ એ શાસ્ત્રને માટે નિશ્ચિત એવું આયંબિલ તપ પણ કરવા લાગ્યા. દુર્ભાગ્યે એના જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થતાં એને પાઠ યાદ રહેતો નહોતો. સાધુ શ્રદ્ધાપૂર્વક આયંબિલ તપ કરતો રહ્યો. ઘણા દિવસો વીતી ગયા પછી એક દિવસ એના ગુરુએ કહ્યું,

"આ શાસ્ત્રના અધ્યયન માટે નિયત તપ તો તેં પૂર્ણ કર્યું પણ હજી તને એનું જ્ઞાન લાધ્યું નથી. આનો અર્થ એ કે તારા જ્ઞાનાવરણીય કર્મનો ઉદય બળાને લીધે મહેનત કરવા છતાં પણ તને શાસ્ત્રજ્ઞાન સાંપડતું નથી. આથી તું બીજા કોઈ ગ્રંથનું અધ્યયન શરૂ કર."

શિષ્યએ વિનમ્રતાથી પૂછ્યું, "ગુરુદેવ, જો હું આનું અધ્યયન કરવા ઇચ્છું તો મારે ક્યાં સુધી તપ કરવું પડે ?"

ગુરુએ કહ્યું, "જ્યાં સુધી આનું જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી."

શિષ્ય ધૈર્યપૂર્વક આયંબિલ તપ કરવા લાગ્યો અને એ જ શાસ્ત્રનું અધ્યયન કરતો રહ્યો. સમય જતાં એક દિવસ એના જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ પૂરી થઈ ગઈ. એ સાધુને એક જ દિવસમાં બાર વર્ષ સુધી અધ્યયન કરવાના ફળસ્વરૂપ જેટલું જ્ઞાન સાંપડે એટલું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. આ છે ઉપધાન-આચારનું જ્વલંત દૃષ્ટાંત.

## ૫. અનિહ્નવ–આચાર

કોઈ શાસ્ત્રમાંથી જ્ઞાન સાંપડ્યું હોય, કોઈ વાચનાદાતાએ આપ્યું હોય અથવા તો કોઈ ગ્રંથ કે ગ્રંથકર્તા પાસેથી જ્ઞાન સાંપડ્યું હોય તો તે શાસ્ત્ર, વાચનાદાતા, ગ્રંથ કે ગ્રંથકર્તાનું નામ છુપાવવું નહિ, "આ મેં ક્યાંય વાંચ્યું નથી. કોઈ ગ્રંથ કે શાસ્ત્ર પાસેથી જાણ્યું નથી. આ તો મારું મૌલિક ચિંતન છે," આમ ખોટું બોલીને ગુપ્ત રાખવો અથવા તો અન્ય ગ્રંથકર્તાનું સર્જન પોતાને નામે ચઢાવી દેવું તે નિહ્નવતા છે. આ અનિહ્નવ-આચારનો અતિચાર છે. કેટલાક લોકો કોઈ યોગ્ય વિદ્વાન ગુરુ પાસે અભ્યાસ કરે છે. એ પછી વિશેષ અભ્યાસ કરીને વિકાસ સાધ્યા બાદ કોઈ એમને એમના ગુરુનું નામ પૂછે તો વાસ્તવિક ગુરુના નામને બદલે કોઈ પ્રસિદ્ધ વિદ્વાનનું નામ આપે છે. આ પણ એક પ્રકારની કુટિલતા છે અને અનિહ્નવ આચારનો અપરાધ છે.

એક વાળંદે કોઈ ગુરુની સેવા કરીને એવી વિદ્યા હાંસલ કરી કે જેથી વાળ કાપવાના ઓજારની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેટી કશાય આધાર વગર આકાશમાં ઊંચે રાખી શકતો હતો. આકાશી પેટી જોઈને સામાન્ય માનવીઓ પર બાળંદના ચમત્કારનો ઘણો પ્રભાવ પડતો હતો. આ ગામમાં વૈરાગી સાધુઓની જમાત આવી. આકાશી પેટી જોઈને એક સાધુનું મન લલચાયું. એણે બાળંદને વિદ્યા શીખવવા વિનંતી કરી. બાળંદે વૈરાગી સાધુને આ વિદ્યા શીખવી. પછી તો આ વૈરાગી સાધુ પોતાનો ત્રિદંડ આકાશમાં કશાય આધાર વગર ઊભો રાખવા લાગ્યા.

લોકોમાં વૈરાગી સાધુની ઘણી પ્રતિષ્ઠા થઈ. વૈરાગી સાધુ પોતાની નામના ફેલાવવા માટે દેશ-પરદેશ ઘૂમવા લાગ્યા. એક દિવસ કોઈ મહાત્માએ આ વૈરાગી સાધુને પૂછ્યું, "અરે ભાઈ, તમે આ વિદ્યા કોની પાસેથી મેળવી ?"

વૈરાગી સાધુને બાળંદને પોતાના ગુરુ તરીકે બતાવતા શરમ આવી. આથી એમણે કહ્યું, "મહારાજ ! આપના જેવા કોઈ મહાત્મા જ હતા."

પોતાના વિદ્યાદાતા ગુરુનું નામ છુપાવવા માટે એ વિદ્યાના અધિષ્ઠાતા દેવ ગુસ્સે થયા. એણે વૈરાગી સાધુના અધ્ધર લટકતા ત્રિદંડને એકદમ નીચે પાડયો. દંડ વૈરાગી સાધુના માથે અથડાઈને નીચે પડયો. પરિણામે વૈરાગી સાધુ પેલી વિદ્યાને ભૂલી ગયા. આમ વિદ્યાભ્યાસ કે શાસ્ત્રાભ્યાસ કરાવનાર ગુરુનું નામ છૂપાવવું એ વિપરીત પરિણામ લાવે છે.

## ૬. વ્યંજન-આચાર

સૂત્રના પદો (અક્ષરો)નું ઉચ્ચારણ યથાર્થ રીતે કરવું તેનું નામ વ્યંજનાચાર છે. કોઈ પદ આગળ કે પાછળ બોલી જવું, ન્યૂન કે અધિક બોલવું, અસ્પષ્ટ કે અશુદ્ધ બોલવું તે વ્યંજન-આચારનો અતિચાર છે.

## ૭. અર્થ-આચાર

સૂત્રનો જે અર્થ હોય એ જ અર્થ પ્રસંગ પ્રમાણે કરવો તે અર્થ-આચાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જોઈને પ્રસંગ અનુસાર જે યથાર્થ અને લોકહિતકર અર્થ થાય તે જ કરવો જોઈએ. કોઈ વાત ન સમજાય તો સમજાય તેટલાનો જ અર્થ કરીને અંતે 'तत्त्व केवलीगम्य" કહેવું જોઈએ. આ જ એ સૂત્ર પ્રત્યે ન્યાય અને વફાદારી ગણાય. ઐતિહાસિક તથ્યથી વિપરીત મનમાન્યો ઉટપટાંગ અર્થ કરવો તે ન્યાયસંગત નથી.

## ૮. તદુભય-આચાર

વ્યંજન પણ શુદ્ધ અને ક્રમબદ્ધ વાંચવા જોઈએ. અર્થ પણ યથાર્થ કરવો જોઈએ. આને તદુભય-આચાર કહેવામાં આવે છે. સૂત્ર અથવા અર્થ છૂપાવવો, બંનેને અશુદ્ધ કરવા, ઉલટપાલટ કરવા અથવા તો જનહિત વિરુદ્ધ કરવા તે અતિચાર છે. 'સ્થાનાંગ સૂત્ર' માં સૂત્ર, અર્થ અને તદુભય-એ ત્રણને અશુદ્ધ કરનાર, અયોગ્ય રીતે વ્યક્ત કરનાર કે છૂપાવનારને ક્રમશઃ સૂત્રચોર, અર્થચોર અને તદુભયચોર કહ્યો છે.

આ આઠ આચારનું યથાર્થ રૂપે પાલન કરવું તે શાસ્ત્રીય જ્ઞાનનો આચાર છે. અન્યથા અતિચાર છે. આ અતિચાર પણ ત્યાં સુધી છે કે જ્યાં સુધી ભૂલથી અજાણતાં કે મતિ ભ્રમથી એ થાય છે. જાણીબૂઝીને અતિચાર કરવામાં આવે તો તે અનાચાર છે.

બંધુઓ. વાચનાના વિષયમાં મેં અત્યંત વિસ્તારથી વાત કરી. સમાજમાં અધ્યયનની બાબતમાં જે અંધાધૂંધી ફેલાઈ છે તેને દૂર કરવા માટે આટલું જરૂરી પણ હતું. વાચના સ્વાધ્યાયનું પ્રથમ સોપાન છે. જો આ સોપાન પર દૃઢ રીતે પગ મૂકવામાં આવે તો પછી લપસવાનો કોઈ ડર નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગિરિરાજ યાત્રા સપ્તપદી

## સોપાન પાંચમું...

## પુણ્ય પાપની બારી

તે દિન કયારે આવશે ? શ્રી સિદ્ધાચલ જાશું,
ઋષભ જિણંદને પૂજવા, સૂરજકુંડમાં ન્હાસું...
દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિસણ દો...

પ. પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબ

સં. ૨૦૪૫ માગશર સુદિ ૫, ઉના જૈન ઉપાશ્રય

પ્રદ્યુમ્ન વિ.

તત્ર શ્રી દેવગુરુભક્તિકારક સુશ્રાવક....

યોગ્ય ધર્મલાભ,

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની કૃપાથી આનંદ-મંગલ વર્તે છે. ત્યાં પણ તેમજ હો.

ગઇકાલે તારો પત્ર મલ્યો, સમાચાર જાણ્યા, અનિવાર્ય કારણુસર ગિરિરાજની યાત્રાએ જવાનું લંબાયું છે. અને હવે કદાચ માગશર વદિ બીજ આસપાસ જવાનું થશે તે જાણ્યું. મારી મૂંઝવણ થોડી ઓછી થઇ. તું યાત્રાએ જાય તે પહેલાં મારે તને પત્રો દ્વારા બધી વિગત લખવી હતી. તે કેમ લખાશે એ મૂંઝવણ હતી. પણ હવે તો દિવસો છે તેથી લખી શકાશે.

આજે ગાંગડાથી વિહાર કરીને અહીં આવ્યા છીએ. અહીં ઉપાશ્રયમાં જગદ્‌ગુરુ શ્રી હિરવિજયસૂરિજી મહારાજના પ્રતિમા છે. આજ સ્થાને તેઓએ અંતિમ શ્વાસ મૂકેલો. તેથી આ ભૂમિમાં તેઓના પાવન પરમાણુઓ પથરાયેલા છે. અહિંથી બપોરે શાહબાગ જવું છે. તે પૂજ્યપાદ જગદ્‌ગુરુ શ્રી હિરવિજયસૂરિજી મહારાજની પુણ્યભૂમિ છે. તેઓશ્રીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર ત્યાં થયો હતો.

વિ. સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ અગીયારસના દિવસે કાળધર્મ પામ્યા. બીજે દિવસે અગ્નિસંસ્કાર ત્યાં થયો. મચ્છુન્દ્રી નદીના કાંઠે આ જગ્યા આવી. અઢારે આલમ ત્યાં આવી હતી. અકબર બાદશાહે કહેવડાવ્યું હતું કે અગ્નિસંસ્કાર વખતે જેટલી જમીનમાં માણસો હોય તેટલી જમીન મહાજનને ભેટ આપશો. ૧૦૦ વીઘા જમીન એ રીતે ભેટ મળેલી. તેમાની આજે આપણી પાસે મહાજન પાસે ૬૫ વીઘા જમીન છે. આવી વાત અહીંના ટ્રસ્ટી આજે મળ્યા તેમને કહી.

બીજી વાતો તો ત્યાં ગયા પછી જે જાણવા જોગ હશે તે જણાવીશ. હવે આપણે મૂળ વાત ઉપર આવીએ.

સૂરજકુંડ–હાથીપોળ વટાવીને જેવા તમે રતનપોળમાં દાખલ થશો કે તુર્ત તમને –

ગંધ દ્રવ્યો અમૂલાં, કંઈ કંઇ કુસુમો
શાંતિ આપે સુવાસે,
ઘંટાના ઘોર ઘેરા ગગન ગજવતાં,
સ્પર્ધતા સામ સામે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવું વાતાવરણ દેખાશે. કેસર–સુખડ–બરાસની મધમધતી સુવાસ, શુદ્ધ દશાંગધૂપની મહેંક, અને એ બધાની વચ્ચે દેશી ગુલાબ, જાઇ જુઈના હારની મીઠી સોડમથી મન તરબતર થઈ જશે.

તમે કોઈકે સ્વર્ગીય વાતાવરણમાં આવી ગયા હોય તેમ લાગશે. ભગવાનના ભક્તજનોની શ્રદ્ધા–ભક્તિથી દીપતાં મુખકમલ જોઇને ચિત્તમાં અનુમોદના–આહ્લાદ જાગશે. તમે પણ એ ભક્તિની ભાગીરથીમાં તણાવા લાગશો. કોઇ દુહા બોલીને દાદાના દેરાસરની પ્રદક્ષિણા દેતું હોય, કોઈ પ્રભુ-ભક્તિમાં મસ્ત બનીને સ્તવન લલકારતું હોય, કોઇ લાંબા હાથ કરીને દાદાની સાથે વાત કરતું હોય. આવું વાતાવરણ પ્રભુ ભક્તિમય થયેલું જોઈને આદીશ્વર દાદા સિવાય બધું જ ભૂલી જશો.

દાદાના અભિષેકની હજુ વાર છે. એટલે દાદા આદીશ્વર ભગવાનના દર્શન કરી લેવા. જેવા તમે દાદાના દર્શન કરવા દેરાસરના રંગમંડપમાં પગ મૂકશો એટલે તમને તદ્દન જુદું જ વાતાવરણ ચાંટળાઈ મળશે.

અંતરને વલોવી વલોવીને દિલના સાચા રંગથી પ્રભુ પાસે પોતાનું દિલ ઠાલવતાં હોય તેવા ભક્તોના દર્શન થશે. એક સ્તુતિ પછી બીજી સ્તુતિ, પછી ત્રીજી એમ મધુર સ્વરે અને ભાવભીના કંઠે લગાતાર ગવાતી સ્તુતિની પરંપરા તમને સાંભળવા મળશે. તમારા હૈયાને તે ભીંજવશે.

દર પાંચમિનીટે થતા 'આદીશ્વર ભગવાનની જય' એવા જયઘોષથી તો વાતાવરણ સતત ગાજતું જણાશે ભૂખ–તરસ–થાક–સ્થળ અને કાળ બધું જ ભૂલી જવાશે, દાદામય બની જવાશે, આવું મન કાયમ થઈ જાય તો કેવું સારું ?

તુભ્યં નમઃ, વગેરે ભાવવાહી સ્તુતિ બોલી ઈરિયાવહી. કરી ચૈત્યવંદન કરી લેવું. સ્તવનો – શત્રુંજય ગઢના વાસી રે .... વગેરે ભાવવિભોર થઇને બોલવા. પ્રભુની સાથે એકતાર થઇને ભક્તિ કરવી. પૂર્ણ પંચાંગ પ્રણિપાત કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા પ્રાર્થના કરવી.

પછી બહાર આવી ત્રણ ભમતી (ત્રણ પ્રદક્ષિણા) શરુ કરવી. તેમાં સર્વ પ્રથમ એ – દાદાના દેરાની બહાર જે સહસ્રકૂટ છે. (કોઇ તેને સહસ્રવચે પણ કહે છે) તેના દર્શન કરવા. આમાં ૧૦૨૪ તીર્થંકર પરમાત્મા છે. તેની ગણત્રી આ રીતે થાય છે

દશ ક્ષેત્રને ત્રણે કાળના ચોવિશ જિન એ
સાતસોવીશ
મહાવિદેહે બત્રીશ વિજયે જિનવર
એકશોને બે–ત્રીશ (૧૬૦)
ચોવિશ જિનના પાંચ કલ્યાણક
જિનવર સંખ્યા એકસોવીસ
વિહરમાનને શાશ્વતા જિનવર
વંદુ એક હજાર ચોવિશ"

જગદ્‌ગુરુ શ્રી હિરવિજયસૂરીશ્વરજી મહારાજની પરંપરામાં થયેલા આચાર્ય શ્રી વિજયસિંહસૂરિજી મહારાજે આ સહસ્રકૂટની સંકલના કરી છે અને ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે વિ. સં. ૧૭૧૦ના જેઠ સુદિ છઠ્ઠે પ્રતિષ્ઠા કરી છે—

आदि प्रभो दक्षिण दिग्विभागे,
सहस्रकूटे जिनराज मूर्ती ।
सौम्याकृतिः सिद्धतती नि भाख्य,
शत्रुञ्जयस्थाः परिपूजयामि ॥

અહીંથી પહેલી પ્રદક્ષિણા શરુ થાય છે ત્યાંથી રાયણપાદુકા થઇને ચૌદસો બાવન ગણધર ભગવાનના ચરણ પાદુકાના દર્શન કરીને સીમંધર ભગવાનના દર્શન કરવાના. અહિં સીમંધર ભગવાનના રંગ મંડપમાં એક પ્રાચીન સરસ્વતીદેવીની મૂર્તિ છે. તેના પણ દર્શન કરીને બહાર આવીને સામે નવા આદીશ્વર ભગવાનના દર્શન કરીને બીજી પ્રદક્ષિણા શરુ કરવાની હોય છે. આ પ્રદક્ષિણામાં એ ભમ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીની દેરીમાં રહેલા ભગવાનના દર્શન કરતાં કરતાં વીસ વિહરમાન જિનેશ્વર ભગવાનનું દેરાસર આવે છે. ત્યાં દર્શન કરીને સમેતશિખર ઉપર સિદ્ધ થયેલા વીસ તીર્થંકર પરમાત્માના દર્શન કરવાના. ત્યાંથી વળી રાયણ પાદુકા પાસે થઈને ભમતીમાં જ પ્રભુના દર્શન કરતાં કરતાં આગળ વધવાનું, ૧૪૫૨ ગણધરના પગલાની બરાબર પાછળની દેરીમાં આદીશ્વર ભગવાન છે. એ ખૂબ ધ્યાનથી જોવા લાયક છે. તે પ્રભુના બન્ને ખભા ઉપર જે વાળની લટ છે, તે લટ સાથે પ્રભુની આકૃતિ બહુ સુંદર લાગે છે.

ત્યાંથી થોડા આગળ જઇને શ્રી સીમંધર ભગવાનના દેરાસરની આગળ જે સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન છે તેના દર્શન કરો એટલે બીજી પ્રદક્ષિણા પૂર્ણ થઇ.

ત્રીજી પ્રદક્ષિણાની શરુઆત પાંચભાઇએ બંધાવેલા દેરાસરથી શરુ થાય છે. એ પ્રભુના દર્શન કરીને વચ્ચે એક દેરાસર છે. ત્યાં દર્શન કરીને શ્રી નેમિનાથ ભગવાનના દર્શન કરવાના, અને એ ભમતીમાં રહેલાં અનેકાનેક જિનબિંબોના દર્શન કરતાં કરતાં આગળ જવાનું. ત્યાં થોડાક આગળ જશો એટલે એક આરસનો વિશાળ મેરુપર્વત આવે છે. તે શેઠ માકુભાઇએ સંઘની સ્મૃતિમાં નિર્માણ કરાવ્યો છે. ત્યાં દર્શન કરીને ઠેઠ આગળ જતા વીસ વિહરમાનનું દેરાસર છે ત્યાં સુધી જઇને એ દેરાસરની પાછળ દેરીના દર્શન કરીને સીધા અષ્ટાપદના દેરાસરે દર્શન કરવાના. અહીં આશ્ચર્ય થાય તેવું છે. સામાન્ય રીતે અષ્ટાપદના દેરાસરમાં ચાર, આઠ, દશ અને બે એમ ચારે દિશામાં પ્રભુજી હોય છે. અને સન્મુખ દ્વારમાં બે પ્રભુજી હોય છે. અને તે બે આદીશ્વર ભગવાન અને અજિતનાથ ભગવાન હોય છે. જ્યારે અહીંયા જે સન્મુખ બે પ્રભુજી છે. તે બન્ને ધર્મનાથ ભગવાન છે. બારીકાઇ જોવાથી ખ્યાલ આવશે કે બન્ને પ્રભુજીનું લાંછન વજ્રનું છે. આમ કેમ બન્યું હશે? ત પ્રશ્ન જ છે. પણ અહીં આ પ્રમાણે છે તે હકીકત છે.

ત્યાંથી આગળ વધતાં અનેક જિનેશ્વરના દર્શન કરતાં રાયણવૃક્ષ આગળ આવીને ઉભા રહો છો, આં વૃક્ષ દેવાધિષ્ઠિત છે.

દેવ તણાં વાસાય છે. શાખા તરુ ફલ ફૂલ.

આ વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દેવાની, ઘણા ભાવિકો અહીં નીચે પડેલાં, રાયણના સૂકા પાંદડા લઈ લે છે. અને યાત્રાની અનુમોદના માટે પૂજાની પેટીમાં સાચવી રાખે છે. ત્યાંથી આગળ દાદાના ચરણપાદુકા પાસે ચૈત્યવંદન કરવાનું. આ ચોથુ ચૈત્યવંદન થયું. ચૈત્યવંદનમાં સ્તવન તરીકે— નીલુડી રાયણ તરુ તળે.... અથવા શ્રી આદીશ્વર અંતરયામી.... એવા ભાવવાહી સ્તવન બોલવા. આ ચૈત્યવંદન કરીને ત્યાં પાસેજ એક દેરી છે. તેમાં સ્હેજ અંદર જવાનું. ત્યાં સામે જ આદીશ્વર ભગવાનની કાઉસ્સગ્ગ મુદ્રામાં પ્રતિમાજી છે. આ એક યાદગાર શિલ્પ છે.

વાત એવી છે કે પરમાર્હત્ મહાકવિ ધનપાલે સંસ્કૃત સાહિત્યમાં નોંધપાત્ર એવું તિલકમંજરી નામનું ચંપૂ કાવ્ય રચ્યું છે. તેના પ્રારંભમાં શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી છે, તે આ પ્રમાણે છે.

दिशतु विरतिलाभानन्तरं पार्श्वं सर्पन्
नमि विनमि कृपाणोत्मङ्ग। दृश्याङ्ग। लक्ष्मीः।
त्रिजगदपगतापत् कर्तुमातान्य रूप –
त्रय इव भगवान वः संपदं नाभिसूनुः॥

તેનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે.
આજુબાજુ નમિવિનમિ ને વચ્ચે ઉભા ઋષભપ્રભુ,
ખુલ્લી ચકચકતી તલવારે, ચોકી કરતાં હોય બંધુ
એ બે તલવારોમાં પડતા બે પ્રતિબિંબે સહિત વિભુ
ત્રણ જગતને ઉદ્ધારવાને ત્રણ રૂપ ધારી વંદુ પ્રભુ ॥

પ્રસંગ એવો છે કે શ્રી ઋષભદેવ પ્રભુએ ૧૦૦ પુત્રોને રાજ્યભાગ વ્હેંચી દીધા અને પછી દીક્ષા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીધી. નમિ અને વિનમિ કુમારને પણ પ્રભુએ પુત્ર જ ગણ્યા હતા અને જ્યારે આ ૧૦૦ પુત્રોને રાજ્ય આપ્યા ત્યારે આ નમિ–વિનમિ બહાર ગયા હતા. આવ્યા ત્યારે જાણ્યું કે આ ભરત બાહુબળી વગેરેને પ્રભુએ રાજ્ય આપ્યા છે તો અમને પણ એજ પોતે રાજ્ય મળવા જોઇએ. એટલે પ્રભુ પાસે રાજ્ય માંગવા આવ્યા, પ્રભુએ તો સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી હતી. પ્રભુ મૌન હતા. આ બન્ને કુમાર પ્રભુ પાસે આવી પ્રભુ જ્યાં કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા હોય ત્યાં ભૂમિ સ્વચ્છ કરી, સુગંધી જળ છાંટીને સુવાસભર્યા પુષ્પોનો ઢીંચણ જેટલો ઢગલો કરી પ્રણામ કરી રાજ્ય ભાગ આપો. આવી પ્રાર્થના કરે અને પછી પ્રભુજીની સેવામાં ખડેપગે હાજર રહે. આમ તેઓએ છ મહિના સુધી પ્રભુજીની સેવા કરી. (આમની સેવાથી પ્રસન્ન થઇને ધરણેન્દ્ર મહારાજે બન્નેને વૈતાઢયપર્વત ઉપર રાજ્ય આપ્યા.)

આ પ્રસંગ મહાકવિ ધનપાલે સ્તુતિમાં ગૂંથ્યો છે અને આ જ પ્રસંગનું આ શિલ્પ બનાવ્યું છે. દીવો સ્હેજ નજીક લઇને જોશો તો પ્રભુજીની આજુબાજુ ઉભેલા નમિ–વિનમિ કુમારના હાથમાં જે તલવાર છે તેમાં પ્રભુજીનું પ્રતિબિંબ દેખાશે. એની જોડે જ બાહુબળીજી અને ભરતચક્રવર્તિની પણ બીજે જોવા ન મળે તેવી સુંદર મૂર્તિ છે. બ્રાહ્મી અને સુંદરીની મૂર્તિ પણ તેની અન્તર્ગતિ જ છે.

ત્યાંથી એ ત્રીજી પ્રદક્ષિણામાં આગળ વધો એટલે નવનિધાનનું દેરાસર આવે છે. ત્યાં દર્શન કરીને આગળના ભમતીમાં થઇને જે નવી ટૂંક થઈ છે ત્યાં જવાનું. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કરી એ ફરતી ભમતીમાં પણ જે પ્રભુજી છે તેના દર્શન કરવાના.

એ ભમતીમાં એક શિલ્પ છે. આપણે ત્યાં ગીતમાં એક લીટી બોલાય છે. "મહાવીરના મુખથી ફુલડા ઝરે ને તેની ગણધર ગૂંથે માળ રે"....એ પંક્તિનું મૂળ તો आवश्यक निर्युक्ति નામના ગ્રન્થમાં છે. એ વસ્તુનું આ શિલ્પ બનાવ્યું છે. તે જોવા લાયક છે, એ ટૂંકના દર્શન કરીને શ્રી પુંડરીકસ્વામીજી તરફ જવાનું. તેમાં છેલ્લે શ્રી શાંતિનાથ ભગવાનની ચૌમુખજીની ટૂંકનું જે દેરાસર છે તેને રામજી ગંધારના ચૌમુખજી કહેવાય છે.

આની પાછળ એક ઇતિહાસ છે. રામજી નામના એક શ્રાવક ગંધારમાં વસતા હતા પૂજ્યપાદ જગદ્‌ગુરુ શ્રી હિરવિજયસૂરિજી મહારાજના તેઓ પરમ ભક્ત હતા. શાસનના રાગી હતા. વિ સં. ૧૬૫૦માં જેઠ મહિના આસપાસ જ્યારે પૂજ્યપાદ જગદ્‌ગુરુ શ્રી હિરવિજય સૂરિજી મહારાજ શ્રી સિદ્ધગિરિરાજની યાત્રા કરવા પધાર્યા ત્યારે ગુજરાત, રાજસ્થાન વગેરે પ્રદેશમાંથી મોટા મોટા ગામના ૭૨ સંઘો પૂજ્યપાદ જગદ્‌ગુરુશ્રીની સાથે યાત્રા કરવા આવ્યા હતા. તેમાં ગંધારથી પણ સંઘ આવેલો, તેમાં આ રામજી શ્રાવક પણ આવ્યા હતા.

પૂજ્યપાદ આચાર્ય મહારાજે દાદાના દર્શન કરીને આ જ પુંડરીકસ્વામીજીના ચૈત્યની પાસેના ચોગાનમાં દેશના આપી હતી. અને તેમાં ઘણાં શ્રાવક–શ્રાવિકાએ ચોથું વ્રત વગેરે વ્રતો સ્વીકાર્યા હતા. તે વખતે પૂજ્યપાદ સૂરિજીએ રામજી શ્રાવકને કહ્યું કે તમારે વ્રત લેવાનો અવસર છે. તમે પહેલાં કહ્યું હતું કે એક સંતાન થયા પછી વ્રત લઇશું, એવું મારા જાણવામાં આવ્યું છે કે તમારે સંતાન છે તો હવે શું વાર છે.

આ સાંભળીને તુર્ત રામજી શ્રાવક તૈયાર થયા. અને એ શત્રુંજયગિરિ ઉપર ગુરુમહારાજના વરદ હસ્તે વ્રત લીધું. તે વખતે તેમના પત્નીની ઉમ્મર બાવીસ વર્ષની હતી. આવા મહાન સુકૃતની અનુમોદના અને સ્મૃતિ નિમિત્તે એ સ્થળે આ શ્રી શાંતિનાથ ભગવાનના ચૌમુખજી પધરાવ્યા છે.

આ આખી વાત શ્રી ઋષભદાસ કવિએ શ્રી હિરસૂરિજી રાસમાં આ પ્રમાણે વર્ણવી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ ૮૨ મી – ચોપાઇ –

પાછે પુંડરીક દેહરાં જાય,
તિહાં કણે ભાખે ધર્મકથાય ૧

× × ×

આવ્યો સંઘ પછિ ગાંધાર,
રામજી સમો નહિ કો દાતાર
તેણે હીરને વાંદ્યા ધસી,
હીરે વચન કહ્યું તસ હસી. ૪
વચન સાંભરે છે કે કહું ?
હુ એ સંતાન તો શીલવ્રત ગ્રહું.
હવું જણાય છે તો તુમ્હ તણે,
સ્યુ કરું જુ ગુરુ હીરો ભણે. ૫
રામજી નામ હુંઓ હુશીયાર,
કિહા પામવો શેત્રુંજો સાર.
હીર સરિખો ગુરુ કિહાં મળે,
મરુદેશમાં સુરતરુ ફલે. ૬
કરજોડી શિર નીચું કરે,
ચોથું વ્રત તિહાં ઉચ્ચરે.
બાવીસ વરસની નારી સાથિ,
લેતી વ્રત નરનિં સંઘાત. ૭
તે દેખી બૂઝ્યા નરનારી,
ઘણે વ્રત લીધાં તિણે ઠારિ.
ઓચ્છવ મહોચ્છવ થાય ત્યાંહી,
વીરનિં જિન રાજગૃહી માંહિ. ૮

આ દૃષ્ટિએ જ્યારે ચૌમુખજીના દર્શન કરીએ છીએ ત્યારે કોઈ જુદો જ ભાવ આવે છે.

તે પછી શ્રી ઋષભદેવના પુત્ર ભરતમહારાજા અને તેમના પુત્ર શ્રી ઋષભસેન તે જ આ શ્રી પુંડરીકસ્વામીજી પ્રભુના પ્રથમ શિષ્ય, પ્રથમ ગણધર, એ એવા ભ શુભ સ્થાને વિરાજ્યા છે; એમના ઉપર દાદા શ્રી ઋષભદેવની કૃપાપૂર્ણ દૃષ્ટિ નિરન્તર વરસતી જ રહે.

અહીં પાંચમું ચૈત્યવંદન કરવાનું, અહીં ચૈત્ય વંદનમાં – એક દિન પુંડરીક ગણધરુ રે લાલ.... એ સ્તવન બોલવાનું હોય છે.

એક નિરીક્ષણમાં જાણવા મળ્યું છે કે આપણે બોલાતાં સ્તવનોમાં સૌથી વધુ બોલાતુ જો કોઇ સ્તવન હોય તો આ એક દિન પુંડરીકગણધરું રે લાલ....એ સ્તવન છે.

ચૈત્રી પુનમના દિવસે પાંચ ક્રોડ મુનિવરો સાથે આ પુંડરીકસ્વામીજી અહીં પુંડરીકગિરિ ઉપર મોક્ષે પધાર્યા હતા.

બસ આજે તો અહીં જ અટકું, હવેના પત્રમાં દાદા આદીશ્વર ભગવાનનું અત્યારે જે બિંબ છે. તેના થોડી વાતો લખવા ઇચ્છા છે.

પરિવારને ધર્મલાભ. એજ પ્ર૦

## શોકાંજલિ

શ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ, ઉ. વર્ષ ૮૦ તા. ૨૦-૧૨-૯૭ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા ધાર્મિક વૃત્તિવાળા અને મિલન-સાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુ:ખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાંન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ

લી.
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દર્શન

સંકલન : હીરાલાલ બી. શાહ

સુદેવ, સુગુરુ, અને સુધર્મ આ તત્વત્રયી ઉપર જેમને અચલ અને અટલ શ્રદ્ધા હોય તેને સમકિતવંત આત્મા કહેવાય છે. સર્વ દોષ રહિત અને વીતરાગ અને સર્વજ્ઞ હોય તેને દેવ માનવા. કંચન-કામિનીના ત્યાગી અને પાંચ મહાવ્રતોને ધારણ કરનાર હોય તેમને સુગુરુ માનવા. જેઓ વીતરાગ થયા છે અને તે જ વીતરાગ દેવે કહેલા સંપૂર્ણ અહિંસક ધર્મને ધર્મ તરીકે સ્વીકારવો. આવી જે અચલ અને અટલ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન કહેવાય. હેય-ત્યાગ કરવા યોગ્ય અને ઉપાદેયગ્રહણ કરવા યોગ્ય તત્ત્વના યથાર્થ વિવેકની અભિરુચિ થાય તે સમ્યગ્દર્શન.

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં પહેલા અધ્યયનના બીજા સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિજી મહારાજે કહેલ છે કે :- "તત્ત્વાર્થ-શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્" જીવાદિ પદાર્થોની 'આજ સાચા અને શંકા વિનાના' એવી હૃદયની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન કહેવાય. આ સમ્યક્ત્વ બે પ્રકારથી ઉત્પન્ન થાય છે. (૧) નિસર્ગથી એટલે સહજ પરિણામ માત્રથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૨) અધિગમથી એટલે ગુરુ ઉપદેશ, જિનપ્રતિમા, સર્વજ્ઞ શાસ્ત્ર, વગેરે બાહ્ય નિમિત્તથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. 'આત્મા' આત્માની પોતાના જ સ્વરૂપની આત્મા વડે (પોતાના જ જ્ઞાન વડે) આત્મામાં શ્રદ્ધા કરે તેને 'નિશ્ચય સમ્યગ્દર્શન' કહેવાય છે. આ આત્માના સ્વરૂપની સાચી ઓળખ કરાવનાર પણ સર્વજ્ઞ અરિહંત દેવ છે. કારણ કે પ્રથમ સર્વજ્ઞ બનીને જ અરિહંત દેવ પદાર્થ માત્રનું સ્વરૂપ જાણી, દેખી અનુભવીને પછી જ નિસ્પૃહ ભાવે, લોકહિતાર્થે વચન ભાખે છે તેમાં કોઈ શંકાને સ્થાન રહેતું નથી.

'જે જિનેશ્વર દેવે ફરમાવ્યું છે તે જ સત્ય છે શંકા રહિત છે' તેવી અનુપમ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શનને પ્રગટતાં રોકનાર મુખ્યત્વે મોહનીય કર્મ છે. મોહનીય એટલે મુંઝવનારૂં, પદાર્થનું યથાર્થ સ્વરૂપ થવા ન દે, એટલે આત્માને પર પદાર્થોમાં - જડ એવા શરીરજ્ઞ્ય સુખોમાં લલચાવી નિજ સ્વરૂપનું ભાન ન થવા દે તે કર્મ. તેના બે ભેદ છે. (૧) દર્શનમોહનીય (૨) ચારિત્ર મોહનીય.

(૧) દર્શન મોહનીય :- દર્શન એટલે દેખવું, જોવું. આત્માને પોતાના જ સ્વરૂપનું યથાર્થ દર્શન થવા ન દે તે દર્શન મોહનીય કર્મ. આત્મા તે ચૈતન્ય લક્ષણવાળો 'જીવ' છે. અને શરીર તે ચૈતન્ય રહિત જડ 'અજીવ' છે. આવું જડ ચૈતન્યનું જે ભેદ વિજ્ઞાન સર્વજ્ઞ એવા જિનેશ્વર દેવે કહેલ છે તે જીવ અજીવ આદિ નવતત્ત્વોની શ્રદ્ધા થવા ન દે તે દર્શન મોહનીય છે. દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ છે :-

(૧) મિથ્યાત્વ મોહનીય :- દર્શન મોહનીય કર્મના દળ ગાઢા વાદળ જેવા સઘન હોવાથી સમ્યગ્દષ્ટિને સર્વથા ઢાંકી દે છે. જેથી સુદેવ-સુગુરુ અને સુધર્મની શ્રદ્ધા થવા દે નહિ, અને તેનાથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિમુખ રહે તે "મિથ્યાત્વ મોહનીય" કહેવાય છે. (૨) મિશ્ર મોહનીય :- સારા નરસાની પરખ કરવાની વિવેક બુદ્ધિ હજી પ્રગટી ન હોય તેવી અનિશ્ચિત અવસ્થાને "મિશ્ર મોહનીય" કહેવાય છે. (૩) સમ્યક્ત્વ મોહનીય :- આના ઉદયમાં સમકિત ગુણોનો ક્ષયોપક્ષમ થાય છે પરંતુ સમકિત ગુણોનો ક્ષય થતો નથી. ચારિત્ર-મોહનીય :- તેના બે ભેદ છે. (૧) કષાય ચારિત્ર મોહનીય (૨) નોકષાય ચારિત્ર મોહનીય. કષાય ચારિત્ર મોહનીયના ચાર ભેદ છે :- ક્રોધ, માન, માયા, અને લોભ. આ ચારેના વળી ચાર ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, અને સંજ્વલન. ચાર કષાયોને ચાર ભેદ વડે ગુણતા કુલ ૧૬ પ્રકૃતિ કષાય ચારિત્રની થાય છે નોકષાયની નવ પ્રકૃતિ છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુર્ગંછા, સ્ત્રીવેદ, પુરૂષવેદ, અને નપુંસક વેદ છે. આ પ્રમાણે ચારિત્ર મોહનીયની કુલ ૨૫ પ્રકૃતિ છે. આમ મોહનીય કર્મની કુલ ૨૮ પ્રકૃતિ થાય છે.

સમ્યક્ત્વ કયા ક્રમે પ્રાપ્ત થાય છે તે સમજવા જેવું છે. જે જીવોની આયુષ્ય કર્મ સિવાયના સાતેય પ્રકારનાં કર્મોની સ્થિતિ ખપીને ઘટી જવા પામે છે. અને એ સાતેય પ્રકારનાં કર્મોની સ્થિતિ ઘટીને એટલી હદ સુધી ઘટી જાય છે કે – એ સાતેમાંનું કોઈ પણ કર્મ, એક ક્રોટાકોટિ સાગરોપમની સ્થિતિથી અધિક સ્થિતિનું તો રહેવાજ પામતું નથી, અને જે એક કોટાકોટિ સાગરોપમ જેટલી કર્મની સ્થિતિ શેષ રહી, તે સ્થિતિમાંથી એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલિ સ્થિતિ ખપી જવા પામે છે ત્યારે તે જીવો ગ્રન્થિદેશને પામેલ જીવો કહેવાય છે. આવા જીવો પોતાના કર્મ સ્થિતિની આટલી લઘુતા યથા પ્રવૃત્તિકરણ દ્વારા પામે છે. હવે સમ્યગ્દર્શન ગુણને પામવા માટે ગ્રન્થિને ભેદવી અનિવાર્ય છે. ગ્રન્થિદેશે આવેલા જીવોએ, સૌથી પહેલો પુરુષાર્થ ગ્રન્થિને ભેદવાનો કરવાનો હોય છે. ગ્રન્થિદેશે આવી પહોંચેલો જીવ અપૂર્વ કરણ દ્વારા ગ્રન્થિને ભેદનારો બને છે. કરણ એટલે આત્માનો પરિણામ વિશેષ.

આત્મા પોતાના અપૂર્વ પરિણામના બળે ગ્રન્થિને ભેદે છે. ગ્રન્થિ એટલે ગાઢ રાગ દ્વેષના પરિણામ રૂપી કર્મ જનિત ગાંઠ છે. તે આત્માથી મહા મુશ્કેલીએ ભેદી શકાય છે. અપૂર્વકરણને પામેલો જીવ, પછી તરત ને તરત જ અતિવૃત્તિકરણને પામે છે. અતિવૃત્તિકરણના પરિણામથી આત્માને સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે.

સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર છે. (૧) ઉપશમ સમકિત. (૨) ક્ષયોપશમ સમકિત. (૩) ક્ષાયિક સમકિત. મોહનીય કર્મની સાત પ્રકૃતિ. (૧) અનંતાનુબંધી ક્રોધ. (૨) અનંતાનુબંધી માન. (૩) અનંતાનુબંધી માયા. (૪) અનંતાનુબંધી લોભ. (૫) મિથ્યાત્વ મોહનીય. (૬) મિશ્ર મોહનીય. (૭) સમ્યક્ત્વ મોહનીય. આ સાતે પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષય થવાથી તે પ્રકારના સમકિત ભાવના જીવને પ્રગટ થાય છે. સમકિત પામવાથી જીવ અવશ્ય અર્ધપરાવર્તન કાળમાં મુક્તિ પામે છે. સમકિતની પાછળ જ્ઞાન અને ચારિત્ર અનુગામી થતાં મોક્ષમાર્ગ બને છે. ભવ-ભ્રમણ કરતાં જીવને ક્ષાયિક સમકિત એક વાર, ઉપશમ સમકિત પાંચવાર અને ક્ષયોપસમિક સમકિત અસંખ્વાર પ્રાપ્ત થાય છે.

સમકિતનાં પાંચ લક્ષણો છે. જેના વડે સમકિત પણ ઓળખાય છે. તેને લક્ષણો કહેવાય છે. પહેલું લક્ષણ "ઉપશમ" છે. જે ક્રોધના ત્યાગરૂપ હિતકારી છે. જે અપરાધ કરનાર ઉપર મનથી પણ ખરાબ વિચારતા નથી. સમતા રાખી તેનું હિત થાય તેમ વર્તે છે. બીજું "સંવેગ" છે. જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવનું અને મનુષ્યનું સુખ પણ દુ:ખ રૂપે જાણે છે. કારણ કે તે સુખ પૌદગલિક છે અને અસાર છે. જ્યારે મોક્ષનું સુખ તે. અવ્યાબાદ, અક્ષય અવિનાશી અને અનંત છે. જે તેને જ એકાગ્ર મને ઇચ્છે છે. ત્રીજું "નિર્વેદ" છે સંસાર અસાર છે અને દુ:ખથી ભરેલો છે, વીતરાગ કથિત ધર્મ સંસારને તારનારો છે, એમ જાણીને તે ધર્મ વડે ભવભ્રમણથી છૂટવાને ઇચ્છે છે ચોથું "અનુકંપા" છે. અનુકંપા એટલે દયા. તે બે પ્રકારની છે. (૧) દ્રવ્યદયા, (૨) ભાવદયા. દ્રવ્યદયા એટલે દુ:ખી, દીન, રોગી, શોકવાન જે હોય તેના તેવા પ્રકારના તમામ દુ:ખો દૂર કરવા તે છે. ભાવદયા એટલે ધર્મ રહિત મનુષ્ય ધર્મ નહિ કરે તો બીજી ગતિમાં દુ:ખી થશે અને ધર્મ કરશે તો સુખી થશે એવું ચિંતવે અને ધર્મથી પતિતને ધર્મમાં સ્થિર કરે તે. એ રીતે યથા શક્તિએ બંને પ્રકારની દયા કરે. તેને અનુકંપા કહેવાય છે. પાંચમું "આસ્તિક્તા" છે વીતરાગ દેવે જે વચન ભાખ્યું છે તે જ સત્ય છે તેમાં કંઇ સંદેહ નથી. જિનેશ્વર ભગવાને ભાષેલા સર્વ વચનો અન્યથા ન જ હોય, સત્ય જ હોય આવી શ્રદ્ધા જે ને છે તેને "આસ્કિતા" કહેવાય છે.

વીતરાગ પરમાત્મા શ્રી જિનેશ્વર દેવના શાસનમાં સમ્યક્ત્વની કિંમત એટલી મોટી આંકવામાં આવી છે કે એના વિના જ્ઞાન પણ સમ્યગ્ જ્ઞાનરૂપ બનતું નથી. એના વિના ચારિત્ર પણ સમ્યક્ ચારિત્ર રૂપ બનતું નથી. એના વિના તપ પણ સમ્યક્ તપ તરીકે ઓળખવાને લાયક બનતો નથી. જ્યારે સમ્યક્ત્વનો એ પ્રભાવ છે કે – એની હયાતિમાં જ્ઞાન એવી રીતિએ આત્મામાં પરિણામે છે કે જેથી એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન ગણાય છે, ચારિત્રનું પાલન એવા ભાવપૂર્વકનું બને છે કે જેથી એ ચારિત્રનું પાલન સમ્યક્ ચારિત્ર ગણાય છે, અને તપ પણ એવા ભાવ પૂર્વકનું બને છે કે જેથી એ આત્માને વળગેલાં કર્મ તપે, કર્મની નિર્જરા થાય અને એ હેતુથી એ તપ સમ્યક્ તપની કોટિનું ગણાય છે.

સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે, ધર્મ નગરનું દ્વાર છે. ધર્મ મંદિરનો પાયો છે, ધર્મનો આધાર છે,ધર્મનું ભાજન છે અને ધર્મનો નિધિ છે. સમ્યગ્દર્શન મોક્ષનું દ્વાર છે, એ તેની પહેલી મહત્તા છે. સમ્યગ્દર્શનની બીજી મહત્તા એ છે કે જો આયુષ્યનો બંધ સમકિત આવ્યા પહેલા ન પડી ગયો હોય તો સમકિતના સદ્ભાવમાં નરકગતિનાં અને તિર્યંચ ગતિના દ્વાર બંધ થઈ જાય છે. ત્રીજી મહત્તા એ છે કે સમ્યગ્દર્શન આવ્યા પછી ફરી ચાલ્યું ગયું ન હોય તો પરભવમાં પણ જ્ઞાનની જેમ સાથે આવે છે ક્ષાયિક સમક્તિ એકવાર આવ્યા પછી જતું નથી. મોક્ષમાં પણ સાથે જ જાય છે. સિદ્ધ ભગવંતોને ક્ષાયિક સમકિત જ હોય છે. ચોથી મહત્તા એ છે કે સમકિત એકવાર આવ્યા પછી જીવાત્માંથી કદાચ ચાલ્યું પણ જાય તો પણ મોહનિય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૭૦ કોડાકોડી સાગરોપમની છે તે ઉત્કૃષ્ટ સ્થિતિ કદાપિ ન બાંધે. ફક્ત એક કોડાકોડી સાગરોપમનું ઉત્કૃષ્ટ કર્મ બાંધે. પાંચમી મહત્તા એ છે કે અનાદિ અનંત જીવનયાત્રામાં જીવ જો એકવાર સમ્યગ્દર્શન પોતાના પુણ્યોદયે સ્વયં–સ્ફુરણાથી કે ગુર્વાદિના ઉપદેશથી પામી જાય, તો તેનો બેડો પાર થઇ જાય, ભવસાગરને તરી જવાની યોગ્યતા આવી જાય. પછી અમુક ભવે કે વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં અવશ્ય મોક્ષે જાય છે.

ધર્મની કોઇ પણ ક્રિયા એ માટે કરવી જોઇએ કે સૌથી પહેલા ક્રિયા કરનારને સમકિત

( અનુસંધાન પાના નંબર ૪૪ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

## પરમાર્હત શ્રી કુમારપાલ–ભુપાલ વિરચિત

# આત્મ–નિંદાદ્વાત્રિંશિકાનો

# અનુવાદ

: રચયિતા :

પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરિશ્વરજી મ. સા.

( હરિગીત છંદ )

( ૧ )

સર્વે સુરેંદ્રોના નમેલા મુકુટ તેના જે મણિ,
તેના પ્રકાશે ઝળહળે પદપીઠ જે તેના ધણી;
આ વિશ્વનાં દુઃખો બધાયે છેદનારા હે પ્રભુ !
જય જય થ જો જગન્બંધુ તુમ એમ સર્વદા ઇચ્છુ વિભુ;

( ૨ )

વીતરાગ હે કૃતકૃત્ય ભગવન્ ! આપને શું ? વિનવું,
હું મૂર્ખ છું મહારાજ જેથી શક્તિહીન છતાં સ્તવું;
શું અર્થિવર્ગ યથાર્થ સ્વામિનું સ્વરૂપ કહી શકે,
પણ પ્રભો પૂરી ભક્તિ પાસે યુક્તિઓ એ ના ઘટે.

( ૩ )

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યાં ગુણુ ઓપતા મુજ ચિત્તરૂપી શક્તિમાં;
અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબ રૂપે આવી અહિં ઉદ્યોતને કરતો નથી !

( અનુસંધાન પાના નંબર ૪૩નુ ચાલુ )

મળે ! ધર્મના ફળ તરીકે બીજી કોઈ પણ સંસારિક અભીલાષા રાખવી નહિ. પણ સમકિત મળે માટે ધર્મની ક્રિયાઓ કરૂં છું એવી અભિલાષા રાખવી જોઈએ.

શ્રી વીતરાગ પરમાત્માએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ ધર્મ ફરમાવ્યો છે દર્શન, જ્ઞાન અને ચારિત્રની કિંમત ત્યારે જ છે જ્યારે તે સમ્યગ્ વિશેષણથી સુશોભિત હોય છે. તેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર ત્રણે ભેગા મળીને મોક્ષના સાધન બને છે જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો એનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૪ )

પ્રાણિ તણાં પાપો ઘણાં ભેગા કરેલા જે ભવે,
ક્ષીણ થાય છે ક્ષણમાં બધા તે આપને સારે સ્તવે;
અતિ ગાઢ અંધારા તણું પણ સૂર્ય પાસે શું ગજું,
એમ જાણીને આનંદથી હું આપને નિત્યે ભજું.

( ૫ )

શરણ્ય કરુણા સિંધુ જિનજી આપ બીજા ભક્તના.
મહામોહ વ્યાધિને હણો છો શુદ્ધ સેવાસક્તના;
આનંદથી હું આપ આણા મસ્તકે નિત્યે વહું,
તોયે કહો કોણ કારણે એ વ્યાધિના દુઃખો સહું;

( ૬ )

સંસાર રૂપ મહાટાવિના સાર્થવાહ પ્રભુ તમે,
મુક્તિપુરી જાવા તણી ઇચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભુ ! તુજ તોય આન્તર તસ્કરૈઃ,
મુજ રત્નત્રય લુંટે વિભો ! રક્ષા કરો રક્ષા કરો.

( ૭ )

બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્ય રાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો;
પણ પાપ કર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુએ કરી.

( ૮ )

આ કર્મરૂપ કુલાલ મિથ્યા જ્ઞાન રૂપી દંડથી.
ભવ ચક્ર નિત્ય ભમાવતો દિલમાં દયા ધરતો નથી;
કરી પાત્ર મુજને પુંજ દુઃખનો દાબી દાબીને ભરે.
વિણ આપ આ સંસાર કોણ રક્ષા કહો એથી કરે ?

( ૯ )

ક્યારે પ્રભો સંસાર કારણ સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની મન તત્વ જ્ઞાને જોડીને;
રમીશ આતમ વિષે વિભો ! નિરપેક્ષ વૃત્તિ થઇ સદા,
ત્યજીશ ઇચ્છા મુક્તિની પણ સન્ત થઈને હું કદા

( ૧૦ )

તુજ પૂર્ણ શશિની કાન્તિ સરખા કાન્તગુણ દૃઢ દોરથી,
અતિ ચપલ મુજ મન વાંદરાને બાંધીને બહુ જોરથી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ્ઞારૂપી અમૃત રસોના પાનમાં પ્રીતિ કરી,
પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો વિસરી.

( ૧૧ )

હું હીનથી પણ હીન પણ તુમ ચરણ સેવાને બળે,
આવ્યો અહિં ઊંચી હદે જે પૂર્ણ પુણ્ય થકી મળે;
તો પણ હઠીલી પાપી કામાદિક તણી ટોળી મને,
અકાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દય પણે

( ૧૨ )

કલ્યાણકારી દેવ તુમ સમ સ્વામી મુજ માથે છતે,
કલ્યાણ કોણ ન સંભવે જો વિઘ્ન મુજ નવ આવતે;
પણ મદન આદિક શત્રુઓ પૂંઠે પડ્યા છે આકરે,
દૂરે કરૂં શુભ ભાવનાથી પાપીઓ પણ નવ મરે.

( ૧૩ )

સંસાર રૂપ સમુદ્રમાં ભમતા અનાદિ કાળથી
હું માનું છું કે આપ કદી મુજ દૃષ્ટિએ આવ્યા નથી;
નહીંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભુ !
બહુ દુઃખથી જે ભોગવી તે કેમ પામું હું વિભુ !

( ૧૪ )

તરવાર ચક્ર ધનુષ્યને અંકુશથી જે શોભતું,
વજ્ર પ્રમુખ શુભચિન્હથી શુભ ભાવવલ્લી રોપતું;
સંસાર તારક આપનું એવું ચરણયુગ નિર્મલું,
દુર્વાર એવા મોહ વૈરીથી ડરીને મેં શ્રયું.

( ૧૫ )

નિઃસીમ કરુણાધાર છો છો શરણ આપ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વજગના નાથ છો;
હું દીન છું હિંમત રહિત થઇ શરણ આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને રક્ષો મને.

( ૧૬ )

વિણ આપ આ જગમાં નથી સ્વામી સમર્થ મળ્યો મને,
દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે;
શું શત્રુઓનું ચક્ર જે બહુ દુઃખથી દેખાય છે,
વિણ ચક્ર વાસુદેવના તે કોઇ રીત હણાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૧૭ )

પ્રભુ દેવના પણ દેવ છો વળી સત્ય શંકાર છો તમે,
છો બુદ્ધને આ આ વિશ્વત્રયના છો તમે નાયકપણે;
એ કારણે આન્તર રિપુ સમુદાયથી પીડેલ હું,
હે નાથ ! તુમ પાસે રડીને હાર્દના દુઃખો કહું.

( ૧૮ )

અધર્મનાં કાર્યો બધાં દૂરે કરીને ચિત્તને,
જોડું સમાધિમાં જિનેશ્વર ! શાન્ત થૌ હું જે સમે;
ત્યાં તો બધાએ વૈરિઓ જાણે બળેલા ક્રોધથી,
મહા મોહનાં સામ્રાજયમાં લઇ જાય છે બહુ જોરથી.

( ૧૯ )

છે મોહ આદિક શત્રુઓ મારા અનાદિ કાળના,
એમ જાણું છું જિનદેવ ! પ્રવચન પાનથી હું આપના;
તોયે કરી વિશ્વાસ એનો મૂઢ મેંઢો હું બનું,
એ મોહ બાજીગર કને કુપિરીતને હું આચરું.

( ૨૦ )

એ રાક્ષસોના રાક્ષસો છે ક્રૂર મ્લેચ્છો એજ છે,
એણે મને નિષ્ઠુરપણે બહુવાર બહુ પીડેલ છે;
ભયભીત થઇ એથી પ્રભુ તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું,
જગવીર દેવ બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું;

( ૨૧ )

ક્યારે વિભો નિજ દેહમાં પણ આત્મ બુદ્ધિને ત્યજી,
શ્રદ્ધા જળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી;
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઇ પરભાવથી,
રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભો ! આનંદથી

( ૨૨ )

ગતદોષ ગુણ ભંડાર જિનજી દેવ મ્હારે તુંજ છે,
સુરનર સભામાં વર્ણવ્યો જે ધર્મ મ્હારે તેજ છે;
એમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મ્હારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો.

( ૨૩ )

ષડ્વર્ગ માનાદિક તણો જે જીતનારો વિશ્વને,
અરિહન્ત ઉજ્વલ ધ્યાનથી તેને પ્રભુ જીત્યો તમે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અશક્ત તુમ પ્રત્યે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મ બળ આપો મને.

( ૨૪ )

સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા;
આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે.

( ૨૫ )

તુમ પાદપદ્મ રમે પ્રભો નિત જે જનોનાં ચિત્તમાં,
સુરઇન્દ્ર કે નરઇન્દ્રની પણ એ જનોને શી તમા;
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
સદ્‌ગુણોની શુભગન્ધ એના આત્મમાંહે મહમહે.

( ૨૬ )

અત્યંત નિર્ગુણ છું પ્રભો ! હુ ક્રૂર છું હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું;
વિણ આપ આલંબન પ્રભો ! ભવભીમ સાગર સંચરું,
મુજ ભવ ભ્રમણની વાત જિનજી આપ વિણ કોને કહું

( ૨૭ )

મુજ નેત્ર રૂપ ચકોરને તું ચંદ્ર રૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું આનંદ ઉદધિમાં પડ્યો;
જે ભાગ્યશાલિ – હાથમાં ચિન્તામણિ આવી પડે,
કઇ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે

( ૨૮ )

હે નાથ આ સંસારસાગર ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજ રૂપે છો તમે;
શિવરમણીના શુભ સંગથી અભિરામ એવા હે પ્રભો !
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો !

( ૨૯ )

જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઇને પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃત પુણ્ય છે, ચિન્તામણિ તેને કરે,
વાંચ્યો પ્રભો ! નિજ કૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૩૦ )

હે નાથ ! નેત્રો મીંચીને ચલ-ચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને ધ્યાનમુદ્રાને ધરી;
મુજ સર્વ કર્મ વિનાશ કારણ ચિંતવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર માહરે ચિત્તે રમે.

( ૩૧ )

ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો ! મેં અન્યદેવોને સ્તવ્યાં,
પણ કોઇ રીતે મુક્તિ સુખને આપનારા નવ થયાં;
અમૃત ભરેલા કુંભથી છોને સદાએ સીંચયે,
આંબા તણાં મીઠા ફલો પણ લીંબડા ક્યાંથી દીયે.

( ૩૨ )

ભવજલધિમાંથી હે પ્રભો ! કરુણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરનાં શુભ સદનમાં ધારજો;
આ ગુણી ને આ નિર્ગુણી એમ ભેદ મોટા નવ કરે,
શશી સૂર્ય મેઘ પરે દયાલુ સર્વનાં દુઃખો હરે.

( ૩૩-૩૪ )

( શાર્દૂલવિક્રીડિતમ્ )

પામ્યો છુ બહુ પુણ્યથી પ્રભુ ! તને, ત્રૈલોક્યના નાથને.
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું, જેની કરૂં માંગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં; એ હાર્દની લાગણી.
જાણી આર્હત ગુર્જરેશ્વર તણી. વાણી મનોહારિણી,
શ્રદ્ધાસાગર વૃદ્ધિ-ચંદ્ર સરખી, સંતાપ સંહારિણી,
તેનો આ અનુવાદ મેં સ્વપરનાં, કલ્યાણ માટે કર્યો,
શ્રીમન્નેમિસૂરીશ સેવન બળે, જે ભક્તિભાવે ભર્યો

# શોકાંજલિ

પછેગામવાળા શ્રી રમણિકલાલ વનમાલીદાસ શાહ, ઉ વર્ષ ૬૫ મુંલુન્ડ-મુંબઇ મુકામે સં. ૨૦૪૭ પોષ સુદ ૬ તારીખ ૨૦-૧૨-૯૦ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા ધાર્મીક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબી. જનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાંન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ

લી. શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No G. BV. 31

# મૃત્યુનું હાર્દિક સ્વાગત કરો

પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

મૃત્યુ ભલે આવે. એ મિત્ર બનીને જ આવશે. અને આપણે મૈત્રી ભર્યા ઉમળકાથી તેનું સ્વાગત કરવું જોઇએ.

ઉત્તમ પુરૂષો, સત્ત્વવંત પુરૂષો મૃત્યુને મિત્ર માને છે, પણ શત્રુ નહિ. મૃત્યુ અતિથિ-વિશેષ છે એમ માનીને તેનું હાર્દિક સ્વાગત કરે છે, પણ તિરસ્કાર નહિ.

મૃત્યુ આપણને માન આપવા આવે છે, અપમાનિત કરવા નહિ.

હોય છે તે સ્થાનથી ચડિયાતા સ્થાને જનારને જતી વખતે અભિનંદન આપવા મૃત્યુ સદા તૈયાર રહે છે.

સદાચાર સંપન્ન સત્ પુરૂષો મૃત્યુરૂપી મિત્રને આવકારે છે. જે મિત્ર તેમને વર્તમાન સ્થિતિમાંથી-સારી સ્થિતિમાં લઇ જવા માટે સદા ઝંખે છે.

અસત પુરૂષો મૃત્યુથી સદા ભય પામે છે. મૃત્યુનો ભય તેઓને જ વિશેષ હોય છે, જેઓ નિશદિન પાપકર્મમાં આશક્ત રહે છે.

ધર્મ કર્મમાં નિત્ય મગ્ન રહેનારા પુરૂષોને મૃત્યુનો ભય સુદ્દલ હોતો નથી.

જે કદી મરતો નથી, તેની મહોબ્બતમાં મસ્ત મહાપુરૂષો તો સદા " અબ હમ અમર ભયે, ન મરેંગે "ના મહાગાનમાં મશગુલ રહે છે.

સડવા પડવાના સ્વભાવવાળા શરીરને જ વળગી રહેનારા, શરીરમાં જ જીવનારા, શરીર-સુખના દાસને જ 'મૃત્યુ' શબ્દ મર્મસ્થાનના ઘા સમાન આકરો લાગે છે.

**મૃત્યુનું હાર્દિક** સ્વાગત કરવાનું સત્વ, જીવનની પ્રત્યેક પળનું હાર્દિક સ્વાગત કરનારા અર્થાત જીવનની પ્રત્યેક પળનો સ્વ-પર કલ્યાણકર ધર્મારાધનામાં સદુપયોગ કરનારા જ કરી શકે છે,

મળેલા જીવનને પરમજીવનની સાધનામાં એકાકાર બનાવવાથી મૃત્યુનો ભય સદતર નાબૂદ થાય છે. કારણકે એવા જીવનમાં સદૈવ અમર આત્માનું—પ્રભુત્વ હોય છ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only